મહત્તમ : ૨૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૦ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં શીત લહેર છતાં યુવા વર્ગ થર્ટી ફર્સ્ટ ઉજવવા મક્કમ

શહેરમાં અનેક ઠેકાણે ડીજે-ડાન્સ પાર્ટીના આયોજનો : દુકાનો-શૉ રૂમ્સ પર પણ રંગબેરંગી લાઈટની ઝાકમઝોળ સાથે મનોરંજન કાર્યક્રમોના આયોજન : નાગરિકો દ્વારા નાની-મોટી ખાનગી પાર્ટીના પણ આયોજનો : સાન્ટાકલોઝ, જોકર, રંગલો જેવા પાત્રોની બોલબાલા

ગાંધીનગર, તા.૩૦

પાટનગરમાં પ્રસરેલ શીત લહેર વચ્ચે યુવાનો થર્ટી ફર્સ્ટની ઉજવણી રંગેચંગે ડીજેના તાલે ડાન્સ, ધમાલ-મસ્તી સાથે કરવા કટીબધ્ધ બન્યા છે. શહેરમાં અનેક પાર્ટી પ્લોટ, હોટલ, રિસોર્ટસ વગેરેમાં 'ડાન્સ વીથ ડીજે' પાર્ટીના આયોજનો કરાયા છે તો બીજી તરફ શહેરના મુખ્ય બજારો જેવા કે સેકટર-૨૧ ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર, સેકટર-૧૧ કોમર્શિયલ એરિયા, સે-૧૬ મેઈન શોપીંગ સેન્ટર, ઈન્ફોસિટી સુપર મોલ, રિલાયન્સ ચોકડી વગેરે સ્થળોએ વિવિધ વ્યવસાયિક એકમો, શૉ રૂમ્સ વગેરે દ્વારા પણ થર્ટી ફર્સ્ટની ઉજવણીના નાના-મોટા આયોજનો કરાયેલા જોવા મળી રહ્યા છે. આ સાથે શહેરીજનોએ પણ નાના-મોટા ગ્રૂપ કે મિત્ર વર્તુળમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવાનું આયોજન કર્યું છે. કેટલીક સોસાયટીઓમાં રહીશોએ ભેગા મળીને ટેરેસ પર કે કોમન પ્લોટમાં ડાન્સ અને ગરબા સહિતના આયોજન પણ કર્યા છે.

શહેરમાં ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા ડીજે મિહીર વસિય દ્વારા 'ડીજે નાઈટ ૨૦૨૦' યોજાશે. આ કાર્યક્રમમાં ડીજે સંગીતના તાલે ડાન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પણ 'ધ સ્પાઈસી સ્ટ્રીટ' ખાતે શિવ ઈવેન્ટસ એન્ડ એન્ટરટેઈનમેન્ટના માધ્યમથી 'સ્કેરી નાઈટ-૨'ના નામથી થર્ટી ફર્સ્ટ ડીજે ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની ખાસિયત એ છે કે તેમાં ડરાવનારી ભૂતાવળની થીમ આધારિત ડીજે પાર્ટી યોજાશે. જેમાં હોરર ઝુમ્બા, સ્કેરી ભાંગડા, સ્કેરી પ્રોપ્સ અને હોરર ગરબા જેવા આશ્ચર્યજનક આયોજનો કરવામાં આવ્યા છે. આ સિવાય અન્ય હોટેલ-રિસોર્ટસ ખાતે પણ વિવિધ થીમ આધારિત ડીજે ડાન્સ પાર્ટી યોજવામાં આવી છે. જેમાં શહેરનું યુવાધન ઉપરાંત બાળકો અને વડિલો પણ વિદાય લઈ રહેલા વર્ષ ૨૦૧૯ને 'બાય-બાય' કરવા સાથે આવનારા ખ્રિસ્તી નૂતન વર્ષ '૨૦૨૦'ને આવકારશે.

શહેરના વિવિધ સેકટર્સના શોપીંગ સેન્ટરમાં મોટા વ્યવસાયિકો તથા મોબાઈલ ઈલેકટ્રોનિકસ ગેજેટસ, રેડિમેડ ગારમેન્ટર્સ, સ્વીટસ-બેકરી, ઓટો-મોબાઈલ સહિતના વેપારીઓએ પોતાના શૉ રૂમ્સ પર થર્ટી ફર્સ્ટની ઉજવણી કરી ગ્રાહકોને આકર્ષવા પ્રયાસ કરતા જોવા મળશે. દુકાનો શૉ રૂમ્સને રિબન્સ ફુગ્ગા, સહિત રંગબેરંગી લાઈટીંગ સાથે શણગારવામાં આવ્યા છે. જયાં સાન્ટાકલોઝ, જોકર, રંગલા જેવા પાત્રોમાં વિદૂષકો ગ્રાહકોનું વિના મૂલ્યે મનોરંજન કરશે. અકંદરે શહેરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હોવા છતાં થર્ટી ફર્સ્ટની નાઈટ ખાસ કરીને યુવા વર્ગ મન ભરીને માણશે અને ૨૦૨૦ને વેલકમ કરશે. સાંજ પડતા જ શહેરીજનો પોતાના પરિવાર બાળકો સાથે થર્ટી ફર્સ્ટ માણવા નીકળી પડશે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

ગુડ ન્યુઝ
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫

દબંગ-૩
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૨.૨૫, ૧૦.૪૫

મર્દાની-૨
૧૨.૧૦, ૭.૩૫

પતિ પત્નિ ઔર વો
૯.૩૦, ૫.૦૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

ગુડ ન્યુઝ
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫

દબંગ-૩
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૧૦.૦૦, ૭.૪૦

પતિ પત્નિ ઔર વો
૧૦.૧૫

મર્દાની - ૨
૧૨.૩૫, ૫.૨૫

સિટી પલ્સ, કુડાસણ

દબંગ-૩
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

મર્દાની
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

પતિ, પત્નિ ઔર વો
૨.૪૫, ૭.૩૦

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

ગુડ ન્યુઝ
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

દબંગ-૩
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

જુમાનજી ધ નેક્સ્ટ લેવલ (૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦

મર્દાની-૨
૧.૦૦

પતિ પત્નિ ઔર વો
૩.૦૦

આજે ગાંધીનગરમાં

● પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત વિશેષ એજયુકેશન સેન્ટર કુડાસણ અને સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ સે-૧૯ દ્વારા બપોરે ૩ થી ૬ દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે ત્રીજા વાર્ષિક મહોત્સવની ઉજવણી કરાશે.

ચિરવિદાય

● સ્વ. જીવતબેન બળદેવજી ઠાકોર, ઉ.વ. ૫૭
● સ્વ. કપિલાબેન ભગવતપ્રસાદ ત્રિવેદી, ઉ.વ. ૮૩
● સ્વ. સુર્યકાન્ત રતિલાલ મહેતા, ઉ.વ. ૮૭
● સ્વ. દેસાઈ અરજણભાઈ લાખાભાઈ, ઉ.વ. ૯૪
● સ્વ. આચાર્ય ધીરેન્દ્ર કેશવલાલ, ઉ.વ. ૭૨
● સ્વ. ત્રિવેદી કાર્તિક શૈલેન્દ્રકુમાર, ઉ.વ. ૧૪

દેહદાન

ધનસુરાના નિવાસી સ્વ. નારણભાઈ પ્રેમજીભાઈ પટેલ ઉ.વ. ૯૮નું દેહદાન તેમના કુટુંબીજન રવિભાઈની સંમતિથી મેડિકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે. મેડીકલ કોલેજના ડૉ. હીરેન ચાવડા તથા સ્ટાફ તેમજ જુસીકાના કાર્યકર હીતેશ રાવલ, દીનેશભાઈ દવે, ગુલામભાઈ તથા દીલીપભાઈ આ કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના વૃક્ષો એ શહેરની શોભા છે. ગ્રીન સીટીનું ટેગ આ વૃક્ષો થકી જ શહેરને મળ્યું છે. માર્ગોની આસપાસ લહેરાતા વૃક્ષો શહેરના માર્ગોની અનોખી આભા બક્ષે છે. પરંતુ જો આ વૃક્ષોનું જતન યોગ્ય રીતે કરવામાં ન આવે તો તે અન્યો માટે મુશ્કેલી સર્જી શકે છે. ચોમાસા દરમિયાન ખુબ ખીલી ઉઠેલી વનરાજી વસાહતીઓ માટે તકલીફરૂપ બની શકે છે. ગ-૧ થી ગ-૩ સુધીના માર્ગે વૃક્ષની ડાળીઓ છેક રોડ પર નમી ગઈ છે. ફુટપાથ પર ચાલનારાઓ માટે તે નડતરરૂપ બની રહી છે. આ વૃક્ષોનું ટ્રીમીંગ ઝડપથી થાય તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે.

શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં કોલેજ ટુ કૉર્પોરેટ વિષયે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં ૩૦ ડીસેમ્બર ૨૦૧૯ના રોજ કોલેજ ટુ કૉર્પોરેટ વિષય નો વકર્શોપ યોજાયો હતો. આ વર્કશોપનો મુખ્ય હેતુ ફાર્મસીમાં અભ્યાસ કરતા વિદ્યાથીઓના અભ્યાસક્રમ અને કૉર્પોરેટ તથા ઉદ્યોગ વચ્ચે રહેલા તફાવતને દુર કરવાનો હતો. આ વર્કશોપમાં મુખ્ય વક્તા તરીકે હેલિઓસ લેબ, અમદાવાદના ડાયરેકટર અજયભાઈ શાહે હાજર રહી વિદ્યાર્થીઓને કૉર્પોરેટની દુનિયામાં રહેલા સોફટસ્કિલનું મહત્વ, દવા બનાવવાની મેન્યુફેક્ચુરિંગ પ્રોસેસ અને પ્રોફેશનલ ફાર્માસિસ્ટ બનવાની ટિપ્સ આપી હતી. આ વર્કશોપમાં ફાર્મસીના ચોથા, છઠ્ઠા અને આઠમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલાએ કર્યું હતું. જ્યારે ફાર્મસીના સમગ્ર સ્ટાફ મિત્રોએ સાથે મળી સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

રમત રમતાં વ્યાકરણનું શિક્ષણ મળ્યું..!!!

''વ્યાકરણ એ ભણાવવાનો નહી પરંતુ રમાડવાનો વિષય છે'' માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ત્રીસમી કાર્યશાળામાં મહેસાણાથી પધારેલા જાણીતા ભાષાવિદ્, લેખક તથા આજીવન શિક્ષક એવા જેઠાભાઈ પટેલે ''નામ, સર્વનામ અને વિશેષણ'' વિષયે તેમની આગવી રમતિયાળ પદ્ધતિથી માતૃભાષાના ભાવકોને વ્યાકરણ શીખવાડ્યું હતું. આ કાર્યશાળામાં માતૃભાષાપ્રેમીઓ સાથે બીએડ ભણતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

સે-૫-એ વસાહતના ગોપી મહિલા ભજન મંડળની બહેનો દ્વારા અને રાધે ભજન મંડળ દ્વારા આગામી ઉત્તરાયણ પર્વ નિમિત્તે કુતરાઓને ખવડાવવા માટે લાડુ બનાવવામાં આવ્યા હતા. જેમાં ભજન મંડળની બહેનો શકુંતલાબેન ત્રિવેદી, નિરૂબેન અને હેતલબેન દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

મહુન્દ્રા પાટીયા પાસે થયેલ અકસ્માતમાં ઘાયલ રીક્ષા ચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા હિંમતનગર હાઈવે પર ગતરોજ મહુન્દ્રા પાટીયા પાસે થયેલા અકસ્માતમાં ઘાયલ રીક્ષાચાલકનું આજે સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

રવિવારે ૧૧.૩૦ના અરસામાં મહુન્દ્રા ગામના રાવળવાસમાં રહેતા સહદેવભાઈ રાવળ પોતાની રીક્ષા લઈને નીકળ્યા હતા તે સમયે મહુન્દ્રા પાટીયાથી મોટા ચિલોડા જતાં ગૌતમ થ્રેસરની સામે કાર નં. જીજે ૧૮ બી.કે. ૦૧૯૯ના ચાલકે રીક્ષાને અડફેટે લેતા રીક્ષાચાલક સહદેવભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. જયારે અકસ્માતને લઈ દોડી આવેલા સ્થાનિક નાગરિકોએ રીક્ષાચાલકને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખસેડયો હતો. જયાં સારવાર દરમિયાન આજે રીક્ષાચાલક સહદેવભાઈનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે મૃતકના નાનાભાઈ કિરણકુમારની ફરિયાદ લઈ ચિલોડા પોલીસે ફરાર કારચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા પર્યાવરણને લગતી અને જ્ઞાનમાં વધારો કરતી રમતો રમાડવામાં આવી હતી. સાથે ગ્રુપના સભ્યના જન્મદિનને અનુલક્ષી બાળકો દ્વારા પ્રાર્થના કરી ઉજવણી કરવામાં આવી હતી.

ચરેડી ચોકડી પાસે ઈકોની પાછળ રીક્ષા અથડાતાં પાંચને ઈજા

ગાંધીનગર, તા.૩૦

ચરેડી ચોકડી પાસે ઉભેલી ઈકો ગાડીની પાછળ રીક્ષા ટકરાતાં રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં પેથાપુર ખાતે રહેતા એક જ પરિવારના પાંચ સભ્યોને ઈજા પહોંચી હતી.

બનાવની મળતી વિગત મુજબ પેથાપુર પ્રજાપતિવાસ ખાતે રહેતા મુકેશભાઈ પ્રહલાદભાઈ પ્રજાપતિના પત્ની મીનાબેનનો રવિવારે જન્મદિવસ હતો. જેથી પત્ની-પતિ, પુત્ર અને પુત્રવધુ પૌત્રી સહિત ઘરના સભ્યો સાંજે જમવા બહાર ગયા હતા. રાત્રે આઠેક વાગ્યાના અરસામાં રીક્ષામાં ફરત ફરી રહ્યા હતા તે સમયે રીક્ષાચાલકે અચાનક કાબુ ગુમાવતા માર્ગની સાઈડમાં ઉભેલી ઈકો ગાડીની પાછળ ટકરાઈ હતી. અકસ્માતને પગલે રીક્ષા પલટી ખાઈ જતાં પરિવારના પાંચેય સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે મુકેશભાઈએ રીક્ષાના ચાલક સામે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. રીક્ષાચાલકને શોધવા ચકો ગતિમાન કર્યા છે.

નગરનો દ્વિચક્રી વાહન ઉદ્યોગ મંદીમાં

ગાંધીનગર, તા.૩૦

ઓટોમોબાઈલ કંપનીએ લગભગ થોડા મહિનાઓ પહેલા જ લોસ કર્યું તેવું સામે આવ્યું હતું. ઉપરાંત સ્ટોક સામે વેચાણ ઘણું ઓછું થઈ રહ્યું હતું અને હાલમાં પણ આજ પરિસ્થિતિ વચ્ચે શહેરના તમામ ઓટોમોબાઈલ શૉ રૂમમાં દ્વિચક્રી વાહનોનો ભરાવો થઈ ગયો છે. ગાંધીનગરના કેટલાક શૉ રૂમો ૨૦૧૯નું વર્ષ પુરું થવા આવ્યું હોવા છતાં હજુ પણ ૨૦૧૫ના મોડેલનું વેચાણ થયું નથી અને વર્ષ ૨૦૨૦ના મોડલ જૂન પછી શૉ રૂમમાં ઉપલબ્ધ થશે તેમ જણાઈ રહ્યું છે.

ગાંધીનગરના તમામ ઓટોમોબાઈલ શૉ રૂમોમાં દ્વિચક્રી વાહનોનો ભરાવો થઈ ગયો છે. ૨૦૧૯નું વર્ષ પુરુ થવાને હોવા છતાં હજી પણ વર્ષ ૨૦૧૫ના મોડેલ શૉ રૂમ ધારકો વેચી રહ્યા છે. આ વાહનોની પડતર કિંમત વધુ હોવાને કારણે શૉ રૂમ ધારકો ડિસ્કાઉન્ટ પણ આપી શકતા નથી.

ગાંધીનગરના દરેક શૉ રૂમ ધારકો દ્વારા જણાવાયું હતું કે ૨૦૨૦ના દ્વિચક્રી મોડેલો જૂન મહિના પછી શૉ-રૂમ પર ઉપલબ્ધ થશે. ત્યાં સુધી જુના સ્ટોકમાંથી જ વાહનો વેચાશે જે ૨૦૨૦ના એપ્રિલ મહિનામાં ૨૦૧૯નું મેન્યુફેકચરિંગ તારીખ ધરાવતું દ્વિચક્રી વાહન ખરીદવામાં આવે તો વાહન ખરીદનારને જયારે સેકન્ડ હેન્ડમાં વેચતા સમયે ૨૦૧૯ તરીકે જ વેચાશે જેને કારણે દ્વીચક્રી વાહનની રીસેલ વેલ્યુ ઓછી આવશે. આ કારણોસર જૂની તારીખના મોડલ ખરીદનાર ગ્રાહકને દ્વિચક્રી વાહન વેચવા સમયે રીસેલ વેલ્યૂમાં નુકશાન થશે જયારે શૉ રૂમ ધારકોની મજબૂરી એ છે કે ભરાવો થઈ ગયેલો માલ ગમે તેમ કરીને વેચવો જ પડે તેમ છે. હજુ શૉ રૂમ ધારકો પાસે એપ્રિલ મહિના સુધીનો માલ એટલે કે આવનાર ચાર મહિના સુધીનો સ્ટોક પડી રહ્યો છે. જો ખરીદારને ૨૦૨૦નું દ્વિચક્રી વાહનનું મોડલ ખરીદવું હોય તો ઓછામાં ઓછા એપ્રિલ મહિના સુધી રાહ જોવી પડશે અને શૉ રૂમ ધારકોના જણાવ્યા અનુસાર દ્વિચક્રી વાહનોમાં ડિસ્કાઉન્ટની આશા રાખી શકય તેમ નથી કારણકે તેમને જ ડિસ્કાઉન્ટ મળે તેમ નથી. આ ઉપરાંત પડી રહેલા માલના મેઈન્ટેનન્સનો ખર્ચ આવતા માલ પર ખર્ચ વધી જાય તેમ છે. ગાંધીનગરના દ્વિચક્રી વાહન ધારકોને વાહનોના ખરીદાર મળી રહ્યા નથી તેઓ ભયંકર મંદીનો સામનો કરી રહ્યા છે.

ટાઉનહોલ ખાતે ગેજીયા આયોજિત 'વહુ હાઈ-ફાઈ તો સાસુ વાઈ-ફાઈ' નાટક ભજવાયું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ગેજીયા દ્વારા ઈલેકટ્રોનિકસ એસ્ટેટના ઔદ્યોગિક એકમોના માલિકો તથા કર્મચારીઓના પરિવારોના મનોરંજનની સામાજિક જવાબદારીના ભારૂપે 'વહુ હાઈ-ફાઈ તો સાસુ વાઈ-ફાઈ' નામના સામાજિક કોમેડી નાટકનું શનિવારે રાત્રે સેકટર-૧૭ ખાતેના ટાઉનહોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકને નિહાળવા મોટી સંખ્યામાં ગેજીયાના સભ્યો તથા કર્મચારીઓ તેમના પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા.